ગાંધીનગર સમાચાર

## પેથાપુર નગરપાલિકા ચૂંટણીની સાથે સાથે

- પેથાપુરમાં ચુંટણીને લઈ સવારથી જ ગામની ભાગોળે ચુંટણીનો માહોલ જોવા મળ્યો હતો.
- સવારે ૮ થી ૧૨ કલાક દરમિયાન મહિલાઓ તેમજ યુવાનોએ મતદાન માટે જાગૃતિ દર્શાવી હતી.
- વોર્ડ નં.૩ ખાતે સવારના સુમારે મતદાન મથક પર મતદારો આવતા લાંબી લાઈનો જોવા મળી હતી.
- પેથાપુર ગામના નાગરિક અન્ય શહેરમાં વસતા હોય તેવા ગ્રામજનો પણ આજે મતદાન કરવા પેથાપુર ખાતે આવી પહોંચ્યા હતા અને મતદાન અંગે જાગૃતિ દર્શાવી હતી.
- વોર્ડ નં ૬ ના બુથ પર મતદાન કરવા મહિલાઓનો ધસારો વધુ જોવા મળ્યો હતો.
- પેથાપુર ગામની શેરીઓ, ગલીઓ, તેમજ ખેતરના કાચા અને પાક્કા માર્ગો પર આજે મતદારોને મતદાન મથક સુધી પહોંચાડવા સવારથી સાંજ સુધી મોંઘીદાટ ગાડીઓ આંટા-ફેરા કરતી જોવા મળી હતી.
- પેથાપુરમાં ચુંટણીને લઈ સવારથી જ પોલીસનો સઘન બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.
- પાલીકાના મતદાનમાં સવારે ૮ થી ૧૨ મતદાતાઓએ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. ત્યારબાદ બપોરના સુમારે નહિવત મતદાતાઓ જોવા મળ્યા હતા. જેને પગલે કાર્યકરો પણ બગાસા ખાતા હતા.
- પેથાપુરની ચુંટણીમાં મતદાતાઓને ઘરમાંથી મતદાન મથક સુધી લાવવા માટે કાર્યકરોને પણ પસીનો વળ્યો હતો.
- ગામના પાર્લરોમાં આઈસ્ક્રીમ તેમજ ઠંડાપીણાની બોલબાલા જોવા મળી હતી.
- ગાંધીનગર શહેર ભાજપના અગ્રણી હોદેદારોએ સવારથી જ પેથાપુરમાં ધામા નાંખ્યા હતા. તો કેટલાક શહેરના આગેવાનો હોદેદારો પાસેથી ફોન પર મતદાન અંગે માહિતિ મેળવતા હતા.
- પેથાપુર પાલિકાની ચુંટણી હોવાથી નાગરિકોએ સફાઈ,પાણી સહિતના મુદ્રાઓને ધ્યાનમાં રાખીને મતદાતાઓએ મતદાન કર્યુ હોવાનું ધ્યાને આવ્યું હતું
- પેથાપુરની ચુંટણી વાદ- વિવાદ વગર શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થવા પામી હતી.





## આર.સી. પટેલ શાળાની ત્રિદિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિર યોજાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત અને ગાંધીનગર સ્થિત શ્રીમતી આર.સી. પટેલ શાળાની ત્રિદિવસીય પ્રકૃતિ શિક્ષણ શિબિર શાહપુર-બાસણ રોડ પર આવેલ 'અરણ્ય પાર્ક' ખાતે આયોજિત થઈ હતી. શિબિર સંચાલકશ્રી ઈર્શાદભાઈના માર્ગદર્શનમાં પ્રકૃતિ અને તેમાં વસતા વિવિધ પક્ષીઓ, તેમની જાત, ખાસિયત, તેમની વિવિધતાઓ રજૂ કરવામાં આવી હતી. શાળાના એન.એસ.એસ.ના ઉચ્ચતર વિભાગના સામાન્ય પ્રવાહના ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ અભ્યાસની સાથે કુદરતના નયનરમ્ય વાતાવરણ વચ્ચે ત્રણ દિવસ નિવાસ કરીને દિવસના અલગ અલગ પહોરમાં વિવિધ સજીવ સૃષ્ટિનો અભ્યાસ કર્યો હતો અને ઉમાશંકર જોશીની પંકિતની નીચેની પંકિતને જીવનમાં સાર્થક કરી હતી. 'વિશાળે જગ વિસ્તારે નથી એક જ માનવી, પશુ છે પંખી છે વનોની છે વનસ્પતિ' ઉપરોકત પંકિત દ્વારા સજીવ સૃષ્ટિને જીવવાનો હક છે તેનું શિક્ષણ મેળવીને કુદરત તથા વિવિધ જીવોને બચાવવાના સંકલ્પ લીધા હતા. આ પ્રસંગે શાળાના શિક્ષકશ્રી વિનોદભાઈ પટેલ તથા સંજય ત્રિવેદીએ હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

# ગાંધીનગર જિલ્લામાં પલ્સ પોલિયો અભિયાનનો આરંભ

ગાંધીનગર, તા. ૨૧

સમગ્ર ગુજરાત રાજ્યમાં આજે પાંચ વર્ષથી નાના બાળકોને પલ્સ પોલિયોના બે ટીંપા પીવડાવવામાં આવ્યા હતા. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં પલ્સ પોલિયોના કાર્યક્રમનો આરંભ ગાંધીનગર જિલ્લા પ્રભારી મંત્રી અને આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના હસ્તે કલોલ-છત્રાલ હાઈવે પર આવેલા કડવા પાટીદાર સમાજના હોલ ખાતે આયોજીત સમૂહ લગ્નોત્સવથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે કડવા પાટીદાર સમાજ દ્વારા રક્તદાન શિબીરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ભારતમાં છેલ્લા ચાર વર્ષથી પોલિયોનો એક પણ કેસ નોંધાયેલ નથી. પરિણામે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ભારતને અને સાઉથ ઈસ્ટ એશિયા રજીયનને પોલિયો મુક્તિનું પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે. પોલિયો નાબુદીના અભિયાનને વધુ વેગ આપવાના ઉમદા આશયથી આજે સમગ્ર ગુજરાત સહિત ગાંધીનગર જિલ્લામાં પોલિયોના બે ટીંપા પીવડાવવાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પાંચ વર્ષથી નાના બાળકોને પોલિયોના બે ટીંપા પીવડાવવમાં આવ્યા હતા. ગાંધીનગર જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લાના બે લાખ જેટલા બાળકોને પોલિયાના ટીંપા પીવડાવવાનું સુચારૂ આયોજન કરવામાં આવ્યુંહતું. આ માટે જિલ્લામાં કુલ ૭૯૫ બુથ ઉભા કરવામાં આવ્યા



હતા. તેમજ અંતરિયાળ વિસ્તારમાં જવા માટે ૯૬ મોબીલ ટીમ તૈયાર કરવામાં આવી હતી. તે ઉપરાંત પોલિયોના કાર્યક્રમને સાચા અર્થમાં સાર્થક કરવા માટે એસ.ટી. ડેપો જેવા ૯૨ જાહેર સ્થળોએ પણ પોલિયોના ટીંપા પીવડાવવાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ઉમદા કાર્યક્રમનો આરંભ ગાંધીનગર જિલ્લામાં કલોલ-છત્રાલ માર્ગ પર આવેલી કડવા પાટીદાર હોલ ખાતે યોજાયેલ સમૂહલગ્નોત્સવમાં રાજયના આરોગ્ય મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના હસ્તે નાના બાળકોને પોલિયો પીવડાવીને કરવામાં આવ્યો હતો. કડવા પાટીદાર સમાજ દ્વારા પોલિયોના કાર્યક્રમ સાથે સાથે રક્તદાન શિબીરનું પણ ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન શિબીરમાં સમાજના લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે પૂર્વ મંત્રીશ્રી વાડીભાઈ પટેલ, સમાજના અગ્રણી શ્રી રૂચિરભાઈ પટેલ, પ્રદિપભાઈ પટેલ, નટુભાઈ પટેલ, મીનાબેન પટેલ અને શ્રી રમેશભાઈ પટેલ સહિત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● પેથાપુર ન.પા.ની ચૂંટણીને લઈ ગઈકાલે રાત્રે રાજ્ય ચૂંટણી પંચના સચિવ શ્રી મહેશ જોશીએ પેથાપુર નગરચર્યા કરી હતી.

● આજે પેથાપુર ન.પા.ની ચૂંટણીને લઈ જિલ્લા કલેક્ટરશ્રી રવિશંકર, અધિક નિવાસી કલેક્ટર શ્રી કાલરિયા, અધિક જિલ્લા પોલીસ અધિક્ષક કરણ રાજે પણ પેથાપુરમાં ત્રણ કલાકથી વધુ સમય ગાળ્યો હતો.

● ગાંધીનગર જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં દબાણ અને સ્વચ્છતા અભિયાનને લઈ તંત્રના ઉદાસીન વલણની કોંગી ધારાસભ્યો શ્રી બળદેવજી ઠાકોર અને કામિનીબા રાઠોડે સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

● આજે ગાંધીનગર જિલ્લામાં રવિવારની રજા વચ્ચે પણ લગ્નસરાની ધૂમ હોવાથી માર્ગો વાહન-વ્યવહારથી સતત ધમધમતા રહ્યા હતા.

● ગાંધીનગરના શહેરીજનો અત્યારે બેવડી ઋતુનો અહેસાસ કરી રહ્યા છે. બપોરે ગરમી અને સાંજે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતી હોય છે. જો કે દિવસની ગરમીને લઈ પંખા-એસી ઓન થયા છે.

● ગુજરાત વિધાનસભાનું અંદાજપત્ર સત્ર આજથી આરંભાઈ રહ્યું છે. વિધાનસભામાં વિપક્ષ અને સત્તાધારી પક્ષની વ્યુહરચના પર સૌની નજર મંડાયેલી છે.

# કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલનો વાર્ષિકોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર - ૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે આજે કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલના વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શાળામાં અભ્યાસ કરતા ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ગીત સંગીતના સથવારે ૧૫ કૃતિઓ રજુ કરી હતી. વિવિધ કૃતિઓ નિહાળીને ટાઉનહોલમાં હાજર સૌ કોઈએ બાળકોને તાળીઓથી વધાવી લીધા હતા. આ પ્રસંગે મોટી સંખ્યામાં વાલીઓ,વિદ્યાર્થીઓ સહિત શાળા પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.

ગાંધીનગર શહેરના ન્યું વિકસીત સરગાસણ વિસ્તારમાં આવેલી કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કૂલના પ્રથમ વાર્ષિકોત્સવ પ્રસંગે ટ્રસ્ટી જોલી વ્યાસ, મનિષ પ્રજાપતિ, કામેશ્વર કેળવણી મંડળ ટ્રસ્ટના પ્રહલાદ પટેલ, ડે.મેયર કાર્તિકભાઈ પટેલ, જયકર ભોજક, ધારાસભ્ય અશોકભાઈ પટેલ તેમજ શંભુજી ઠાકોર સહિતના મહેમાનો હસ્તે દિપ પ્રાગટય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં મનપાના પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ હીનાબેન પટેલ, જિલ્લા શિક્ષણાધિકારી એસ.એમ.બારડ, મામલતદાર ડાહ્યાભાઈ મોદી, ભાજપના અગ્રણી અતુલભાઈ પટેલ સહિતના તમામ આમંત્રિત મહેમાનોનું ફુલહાર આપી શાળા પરિવારના સભ્યોએ સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે કામેશ્વર કેળવણી મંડળના ટ્રસ્ટી પ્રહલાદભાઈ પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ત્યારબાદ કાર્યક્રમમાં આગળ વધતા શાળાના બાળકોએ ગણેશ વંદના, પંજાબી ડાન્સ, ફન ડાન્સ, બીહુ ડાન્સ, રાજસ્થાની ડાન્સ, સ્કેટીંગ ડાન્સ, વેસ્ટન ડાન્સ, મરાઠી ડાન્સ, યોગ, કરાટે, નાટક સહિત પ્રેમ રતન ધન પાયોના ફિલ્મના ગીત પર બાળકોએ સુંદર ડાન્સ રજુ કર્યો હતો. બાળકોએ અદભુત પરફોમન્સ દ્વારા તમામ કૃતિઓ રજુ કરતા વાલીઓએ તાળીઓથી વધાવી લીધા હતા. બાળકોએ ભારતના વિવિધ રાજયોની સંસ્કૃતિ ડાન્સ દ્વારા રજુ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળા પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.



# લવારપુર નજીક બે માર્ગ અકસ્માતમાં બેનાં મૃત્યુ

### ૬૫ વર્ષીય વૃદ્ધાને અજાણ્યા વાહને અડફેટે લઈ મોતને ઘાટ ઉતારી : ટ્રક-વેગનઆર વચ્ચે અકસ્માતમાં એક કાર સવાર મોતને ભેટયો

ગાંધીનગર, તા.૨૧

નેશનલ હાઈવે નં. ૮ પર સ્થિત લવાપુર ચોકડીથી પ્રાંતિયા વચ્ચે આજે સવારના અરસામાં બે માર્ગ અકસ્માતો સર્જાયા છે જેમાં બે વ્યકિતના મૃત્યુ નિપજયા છે. એક અકસ્માતમાં વૃદ્ધાને અડફેટે લઈ અજાણ્યા વાહનચાલકે મોતને ઘાટ ઉતારી હતી. જયારે બીજા અકસ્માતમાં વેગનઆર અને ટ્રક ટકરાતા વેગનઆરમાં સવાર એક યુવાનનું મૃત્યુ નિપજયું હતું. બંને અકસ્માતોમાં મૃત્યુ અંગે ડભોડા પોલીસે ગુનો દાખલ કરી પીએસઆઈ પી.જે. સોલંકીએ તપાસ શરુ કરી છે.

આજે સવારે સાડા સાત વાગ્યાના અરસામાં લવારપુર ચોકડી પાસેથી પસાર થઈ રહેલી વેગનઆર ગાડી નં. જીજે ૯ બીસી ૭૯૮૮ અને ટ્રક નં. જીજે ૧૮ ટી ૯૯૬૯ વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર ચાલક દિલીપકુમાર ઠકકર, કારમાં સવાર હર્ષાબેન અને દિલીપકુમારના મિત્ર મયુરભાઈ ગોરધનભાઈ શાહ ઘાયલ થયા હતાં. મયુરભાઈને અકસ્માતમાં ગંભીર ઈજાઓને કારણે કમકમાટીભર્યું મૃત્યુ નિપજયું હતું. તો બીજી તરફ ટ્રક મુકીને આરોપી ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. તે ઉપરાંત સવારે સવા નવ વાગ્યાના અરસામાં લવારપુર-પ્રાંતિયા વચ્ચે મહુન્દ્રા ગામમાં રહેતી ૬૫ વર્ષીય વૃદ્ધા બાલુબેન વાઘેલા ચાલતા જઈ રહી હતી તે દરમિયાન વૃદ્ધાને અજાણ્યા વાહને અડફેટે લઈ લેતા તેણીનું મૃત્યુ નિપજયું હતું. ડભોડા પોલીસે ગુના નોંધી બંને પ્રકરણમાં તપાસ શરુ કરી છે.

# લેબર એકટનો ખુલ્લેઆમ ભંગ કરતી સિવિલની આઉટસોર્સિંગ એજન્સી

### નિયમ મુજબ રજાઓ આપવી ફરજીયાત હોવા છતા હોસ્પિટલના કર્મચારીઓને ૩૬૫ દિવસ નોકરી કરવા ફરજ પડાય છે : હોસ્પિટલ તંત્રનું પણ ભેદી મૌન

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતની રાજધાની ગાંધીનગરમાં દિવા તળે અંધારુ જેવી સ્થિતિ નિર્માણ પામી છે. રાજધાનીની હોસ્પિટલમાં જ શ્રમને લગતા કાયદાઓને કોન્ટ્રાકટ મેળવેલી કંપનીઓ ઘોળીને પી ગઈ છે. એજન્સીઓ દ્વારા કર્મચારીઓને ૩૬૫ દિવસ કામ કરાવાય છે. ગરીબ વર્ગના માણસોનું શોષણ થઈ રહ્યું છે. કર્મચારીઓ રજા પાળે તો પગારમાંથી રજાના રુપીયા કપાય છે. શ્રમના નિયમો તોડતી એજન્સીઓ સામે પણ લાલ આંખ કરવાની જરુર છે તો બીજી તરફ સિવિલ તંત્રનું પણ આ મામલે ભેદી મોન છે.

રાજયભરમાં અત્યારે હાલના સમયે સરકારી તંત્ર દ્વારા કચેરીઓમાં ખુટતો સ્ટાફ આઉટસોર્સિંગથી ભરવામાં આવે છે આ અંગે એજન્સીઓને કોન્ટ્રાકટ આપવામાં આવે છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં પણ જરુરીઆત મુજબનો સ્ટાફ એજન્સીઓ દ્વારા આઉટસોર્સિંગથી ભરવામાં આવ્યો છે. સિવિલમાં એજન્સી હેઠળ નોકરી પર આવતા કર્મચારીઓને પશુની માફક કામ કરાવાય છે . સરકારી નિયમ મુજબ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં કામ કરતા કર્મચારીને અઠવાડીયાની એક રજા આપવામાં આવે છે અને જો આ રજા આપવામાં ન આવતી હોય તો કંપનીએ મહિનામાં બે રજા એટલે કે પખવાડીયે રજા આપવી પડે છે. જયારે વર્ષની ૧૨ સીએલ રજા કર્મચારીને મળે છે. પરંતુ અહીં તો ગરીબ લોકોની મજબુરીનો ફાયદો એજન્સીવાળા ઉઠાવે છે. રાજયની રાજધાનીમાં જ શ્રમ કાયદાનો ભંગ કરવામાં આવે છે ત્યારે આવી એજન્સી સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. નોકરીથી કાઢી મુકવાની ધમકી આપતા હોવાથી કર્મચારીઓ મોંઢુ બંધ રાખીને નોકરીની ફરજ અદા કરી રહ્યા છે.



ખાનગી એજન્સીઓ શ્રમ કાયદાને ઘોળીને પી ગઈ છે. સામાન્ય પગારની નોકરી કરતા કર્મચારીઓ લેબર કોર્ટમાં જતા નથી જેના લીધે આવી એજન્સીઓને છુટો દોર મળી ગયો હોય તેવું લાગી રહ્યું છે. લેબર કમિશન દ્વારા પણ લાલ આંખ કરીને આવી એજન્સીઓ સામે દંડનીય કાર્યવાહી થવી જોઈએ. આ એજન્સીઓ સરકારી શ્રમ વિભાગમાં જોગવાઈ અને નિયમોનો ઉલ્લેખ કરેલી રાષ્ટ્રીય રજાઓ આપવામાં પણ પાછી પાની કરે છે. સિવિલમાં એજન્સી મારફતે કામ કરતા કર્મચારીઓ મહિનાના બધા જ દિવસ કામ કરે છે ત્યારે મહિનાનો પગાર આપવામાં આવે છે જો એમાં એક પણ રજા કર્મચારીએ પાળી હોય તો પગારમાંથી કાપી લેવામાં આવે છે. કપાત પગારની રજાથી કર્મચારીઓ પણ કંટાળી ગયા છે. આ મુદ્દે ટુંક સમયમાં કર્મચારીઓ રોષે ભરાય તો નક્કી નહી.. ત્યારે સિવિલ તંત્ર પણ કેમ ભેદી મોન રાખીને બેઠુ છે....

